દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫

# નિકાસ વૃદ્ધિનો પ્રવાહ જળવાઈ રહેવો જોઈએ

રૂપિયાના મૂલ્યમાં ઘટાડાની ચિંતાઓ વચ્ચે હાલમાં એક કંઇક સારા આર્થિક સમાચાર આવ્યા છે અને તે એ છે કે નવેમ્બર મહિનામાં ભારતના માલની વિદેશોમાં થતી નિકાસમાં વધારો થયો છે અને આયાતમાં પણ થોડો ઘટાડો થયો છે જેને પરિણામે દેશની વેપાર ખાધ ઘટી છે. ઓક્ટોબરમાં ઘટાડા બાદ નવેમ્બરમાં ભારતની નિકાસ ૧૯.૩૭ ટકા વધીને ૩૮.૧૩ અબજ ડોલરની છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી છે. એન્જિનિયરિંગ અને ઇલેક્ટ્રોનિક્સ માલના ઊંચા શિપમેન્ટને કારણે વેપાર ખાધને પાંચ મહિનાના નીચલા સ્તરે ૨૪.૫૩ અબજ ડોલર સુધી ઘટાડવામાં મદદ મળી છે. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, સમીક્ષા હેઠળના મહિના દરમિયાન સોનું, ક્રૂડ ઓઇલ, કોલસો અને કોકના બહારથી આવતા શિપમેન્ટ્સમાં ઘટાડો થવાને કારણે દેશની આયાત ૧.૮૮ ટકા ઘટીને ૬૨.૬૬ અબજ ડોલર થઈ ગઈ હતી.

નવેમ્બર મહિનામાં સોનાની આયાત ૫૯.૧૫ ટકા ઘટીને ૪ અબજ ડોલર થઈ ગઈ છે. આ મહિના દરમિયાન ક્રૂડ ઓઇલની આયાત પણ ૧૧.૨૭ ટકા ઘટીને ૧૪.૧૧ અબજ ડોલર થઈ છે. આયાતમાં ઘટાડાથી નવેમ્બરમાં દેશની વેપાર ખાધ (આયાત અને નિકાસ વચ્ચેનો તફાવત) ઘટાડવામાં પણ મદદ મળી છે. આ વર્ષે અગાઉનું સૌથી નીચું સ્તર પાંચ મહિના પહેલા ૧૮.૭૮ અબજ ડોલર હતું. ઓક્ટોબરમાં વેપાર ખાધ ૪૧.૬૮ અબજ ડોલરની રેકોર્ડ સપાટીએ રહી હતી. એપ્રિલ-નવેમ્બર દરમિયાન કુલ નિકાસ ૨.૬૨ ટકા વધીને ૨૯૨.૦૭ અબજ ડોલર થઈ હતી, જ્યારે આઠ મહિના દરમિયાન આયાત ૫.૫૯ ટકા વધીને ૫૧૫.૨૧ અબજ ડોલર થઈ હતી. ખાધ ૨૨૩.૧૪ અબજ ડોલર થઈ હતી. અમેરિકા દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકાના ભારે ટેરિફ લાદવામાં આવ્યા હોવા છતાં નિકાસમાં વૃદ્ધિ નોંધાઈ છે. આ એક મહત્વની બાબત છે. ઇલેક્ટ્રોનિક્સ, એન્જિનિયરિંગ, રસાયણો, રત્નો અને ઝવેરાત જેવા ક્ષેત્રોએ દેશના માલસામાનના નિકાસને વેગ આપવામાં મદદ કરી છે. ભારત હજી પણ કાપડ, પ્રોસેસ્ડ ફૂડ વગેરેની નિકાસમાં પાછળ રહી જતું જણાય છે. નવેમ્બરમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ પણ ૧૧.૬૫ ટકા વધીને ૩.૯૩ અબજ ડોલર થઈ છે. આ પેટ્રોલિયમ ઉત્પાદનો તે છે કે જેમાં અન્ય દેશોમાંથી કાચુ ક્રૂડ મંગાવીને તેને રિફાઇન કરીને ભારત નિકાસ કરે છે.

નિકાસ બજારોના વૈવિધ્યકરણે ઘણા મુખ્ય ક્ષેત્રોની સતત સ્થિતિસ્થાપકતા સાથે નિકાસ વૃદ્ધિને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અમેરિકા દ્વારા ઊંચા ટેરિફની અસરને કારણે ઓક્ટોબરમાં ભારતની નિકાસ 11.8 ટકા ઘટીને 34.38 બિલિયન ડોલર થઈ હતી, જ્યારે વેપાર ખાધ 41.68 બિલિયન ડોલરની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી હતી, જેનું મુખ્ય કારણ તે મહિનામાં સોનાની આયાતમાં વધારો હતો. કામચલાઉ આંકડાઓ અનુસાર, નવેમ્બરમાં સેવાઓની નિકાસનું અંદાજિત મૂલ્ય 35.86 અબજ ડોલર હતું. સૌથી નોંધપાત્ર વાત એ છે કે સતત બે મહિના સુધી નકારાત્મક વૃદ્ધિ નોંધાવ્યા પછી, નવેમ્બરમાં ભારતની અમેરિકામાં નિકાસ 22.61 ટકા વધીને 6.98 અબજ ડોલર થઈ છે, જ્યારે કે અમેરિકાએ ભારતથી થતી આયાત પર ૫૦ ટકાના દરે વેરો લાગુ કર્યો છે. આ નાણાકીય વર્ષના એપ્રિલ-નવેમ્બરના સમયગાળા દરમિયાન, દેશની અમેરિકામાં નિકાસ 11.38 ટકા વધીને 59.04 અબજ ડોલર થઈ છે, જ્યારે આયાત 13.49 ટકા વધીને 35.4 અબજ ડોલર થઈ છે.અમેરિકાએ 27 ઓગસ્ટથી અમેરિકન બજારોમાં પ્રવેશતા ભારતીય માલ પર 50 ટકાનો જંગી જકાત લાદી છે. બંને દેશો દ્વિપક્ષીય વાણિજ્યને વેગ આપવા માટે દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે. ભારતીય ટીમ વેપાર વાટાઘાટો માટે વોશિંગ્ટનમાં છે. નવેમ્બરમાં ભારતની નિકાસો વધી છે અને વેપાર ખાધ ઘટી છે પરંતુ આ પ્રવાહ જળવાઇ રહેવો જોઇએ.

## લાડુ ખાવા માટે

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ભક્ત હતો. તે પાણી પણ ભગવાનને ધરાવીને પીએ. તે ભગવાનને ધરાવીને જ ભોજન લે, કોઇ પણ નવું વસ્ત્ર પહેલાં ભગવાનને ધરાવે પછી પહેરે. ઘરમાં અને ગામમાં બધા જ તેની મશ્કરી પણ કરતાં.

એક દિવસ કોઈકે મશ્કરી કરતાં કહ્યું, '' ભગત, તમે ભગવાનને રોજ લાડુ ધરાવો છો પણ ભગવાન આ લાડુ સ્વીકારે છે ખરા?'' ભક્તના મનમાં આ વાત લાગી આવી. તેણે ચોખ્ખા ઘીના લાડુ બનાવ્યા, મંદિરમાં ભગવાન સામે લાડુ ધરાવીને ભક્તે કહ્યું, '' ભગવાન, તારા ભક્તની લાજ રાખવા તું આજે લાડુ ખાવા આવ. તું આ લાડુનો સ્વીકાર કરીશ તો જ મારી ભક્તિનો સ્વીકાર થશે નહીં તો બધાં મારી મશ્કરી કરશે.''

ભક્ત મંદિરમાં ભગવાનની મૂર્તિની સામે લાડુનો થાળ સજાવીને બેસી ગયો અને સતત ભગવાનને વિનંતી કરતો રહ્યો પણ ભગવાન ન આવ્યા પણ લાડુ ઉપર માખીઓ બણબણવા લાગી. ભક્ત સતત માખીઓને ઉડાડતો રહ્યો. ઘણો સમય વીત્યો લાડુની મીઠી સુગંધ સૂંઘીને કીડીઓની કતાર તે તરફ આવવા લાગી. ભક્તે પોતાના કપડાની ઝપાટથી કીડીઓને પણ દૂર કરી. ભક્ત ભગવાનને સતત વિનવી રહ્યો હતો ''પ્રભુ આવો.''

પ્રભુ તો ન આવ્યા પણ મંદિરના ઓટલે બેઠેલો કૂતરો અંદર આવીને લાડુના થાળ નજીક પહોંચી ગયો. ભક્તે તેને પણ ભગાડ્યો. થોડા વખતમાં મંદિરની બહાર બેસતાં ભિખારીઓ આવ્યાં અને પ્રસાદમાં લાડુની માંગણીઓ કરવા લાગ્યાં. ભક્તે તેમને પણ ભગાડ્યાં.

આમ કરતાં રાત પડી. ભગવાન આવ્યા નહીં. ભક્તને રીસ ચડી, લાડુનો થાળ લઈને તે મંદિરની બહાર આવ્યો અને ઘા કર્યો અને ભગવાનને કહ્યું કે ''તેં મારી વિનંતી ન સ્વીકારી. હવે હું કોઈ દિવસ તારા મંદિરે નહીં આવું!''

ભક્તના ફેંકેલા લાડુ ભિખારીઓ ભેગાં કરીને ખાવા લાગ્યાં, કૂતરાઓ ખાવા લાગ્યા ત્યાં કીડીઓ પણ આવી ને માખીઓ પણ આવી. રીસ અને ગુસ્સામાં ભક્ત ખાધા પીધા વિના ઘરે જઈને સૂઈ ગયો. રાત્રે ભક્તના સપનામાં ભગવાન આવ્યા. તેમણે કહ્યું, ''ભક્ત, તું ખીજાયેલો છે પણ એટલું કહી દઉં કે લાડુ બહુ સરસ બનાવ્યા હતા. લાડુ ખાઈને મજા આવી પણ થોડો માટી ભરેલો સ્વાદ હતો. ભક્તને કંઈ સમજાયું નહિ. ભક્તે કહ્યું, '' પ્રભુ, તમે તો મારા લાડુ ખાવા આવ્યા જ નહીં અને હવે આમ કહો છો?'' ભગવાને કહ્યું, '' અરે હું કંઈ કેટલા વેશ લઈને લાડુ ખાવા આવ્યો પણ તેં ખાવા જ ન દીધો. માખી બનીને આવ્યો, કીડી બનીને આવ્યો, કૂતરો બનીને આવ્યો, ભિખારી બનીને આવ્યો પણ તેં મને લાડુને હાથ લગાડવા દીધો નહિ અને અંતે તે લાડુ બહાર ફેંક્યા ત્યારે મને મળ્યા.'' ભક્તને પસ્તાવો થવા લાગ્યો, આંખોમાં આંસુ સાથે તે પ્રભુની માફી માંગવા લાગ્યો.

ઈશ્વર કોઈ પણ ભક્તની ભક્તિ સ્વીકારે જ છે પણ તે કયા રૂપે સ્વીકારે તે કોઈ જાણી શકતું નથી એટલે હંમેશા સજાગ રહો કારણ ક્યારે તમારો ઈશ્વર, ક્યા સ્વરૂપે તમારી પાસે આવશે અને તમારા હાથમાંથી લાડુનો સ્વીકાર કરશે તે ખબર નહીં પડે. માટે દરેકે દરેક પ્રાણીમાત્રમાં ઈશ્વરને જુઓ અને ઈશ્વરની જેમ બધાને જ પ્રેમ કરો.

# મનરેગાથી VB-G RAM G બદલાયેલું નામ કે આત્મા?

## કહેવાની વાત

નેહા શાહ

**મધ્યમ વર્ગનાં નાગરિકને મનરેગા જેવા કાયદામાં થયેલા ફેરફારથી ફરક ના પડે. પણ અહીં એ યાદ રાખવું જરૂરી છે કે દેશના સાડા છ કરોડ કરતાં પણ વધુ લોકો આ યોજના પર આધાર રાખે છે**

નામમાં શું રાખ્યું છે? રોમિયો - જુલિયટ લખતા શેક્સપિયર આ સારી સલાહ આપી ગયો હતો. "નામ વ્યક્તિના સાચા પાત્રની ઓળખ નથી આપતું, એ તો માત્ર મથાળા છે." એટલે કે ગુલાબનું નામ ગમે તે રાખો એની સુગંધમાં કોઈ ફરક નથી પડવાનો. વર્તમાન સરકાર યોજનાઓના નામ બદલવાનો શોખ છે - નાના-મોટા ફેરફાર સાથે સ્વાવલંબન યોજના અટલ પેન્શન યોજના બની ગઈ, ઇન્દિરા આવાસ યોજનાનું નામ પ્રધાન મંત્રી આવાસ યોજના થયું, નિર્મલ ભારત યોજના હવે સ્વચ્છ ભારત યોજના છે. છેલ્લો ઉમેરો છે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજના (મનરેગા) હવે બદલાઈને 'વિકસિત ભારત ગ્રામીણ વિસ્તાર રોજગાર અને આજીવિકાની ખાતરી માટે મિશન (Viksit Bharat Guarantee for Rozgar and Ajeevika Mission Gramin -VB-G RAM G Bill) યોજના બનાવવાનો ખરડો સંસદમાં રજૂ થઇ ચૂક્યો છે.

સરકારના પ્રવક્તા કહે છે કે યોજનાના નામ સાથે આત્મા બદલવાની વાત છે - આ જરા સાવધ કરનારી વાત છે. કારણકે, છેડછાડ તો આત્મા સાથે જ છે! મનરેગા યોજના નથી, પણ કાયદો છે જે અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં સરકાર ૧૦૦ દિવસના રોજગારની માત્ર ખાતરી નહિ , અધિકાર આપે છે. ૨૦૦૫ માં શરૂ થયેલી આ યોજનાનો આત્મા એટલે

૧. ગરિમાપૂર્ણ રોજગારને મૂળભૂત અધિકાર ગણવાની સ્વીકૃતિ.

૨. રોજગારના અભાવમાં ગ્રામીણ વિસ્તારમાં સરકાર પાસે રોજગાર માંગવાનો અધિકાર.

૩. સમગ્ર દેશમાં એકસરખો અધિકાર

૪. વર્ષના ૧૦૦ દિવસ સુધી લઘુતમ વેતન સાથે રોજગાર પૂરો પાડવાનું સરકારનું દાયિત્વ.

યોજનાનો આત્મા દિવસની મર્યાદામાં નથી - આત્મા છે સાર્વત્રિક રીતે ગરિમાપૂર્ણ રોજગારને અધિકાર ગણવાની સ્વીકૃતિમાં. વળતરમાં માત્ર લઘુતમ મળે પણ, ભૂખમરાથી બચવા માટે આનાથી વધુ ગરિમાપૂર્ણ વિકલ્પ શું હોઈ શકે? કોવીડ સમયે આપણે જોયું કે કરોડો લોકો અધિકારને કારણે ટકી ગયા.

આ કેન્દ્રીય યોજનાનો અમલ સમગ્ર દેશમાં એક સમાન રીતે થતો હતો અને કેવા પ્રકારનાં કામ લોકો પાસે કરાવી શકાય એ નિર્ણય રાજ્ય સરકાર લેતી રહી છે. નવા ખરડા કેટલીક જોગવાઈ રોજગારની બાંહેધરીની વિભાવના પર અસર કરે છે, જે ચિંતાજનક છે. - એક, નવા ખરડામાં કેન્દ્ર સરકારના હાથમાં નિર્ણય લેવાની ઘણી સત્તા અપાઈ છે જ્યારે આર્થિક ભારણ ઓછું કરવામાં આવ્યું છે. કયા રાજ્યમાં અને કયા વિસ્તારમાં આ યોજના લાગુ કરવી એનો નિર્ણય કેન્દ્ર સરકાર નક્કી કરશે. ક્યાં અને ક્યારે આ યોજના લાગુ પડશે એ અંગેનું જાહેરનામું સરકાર અવારનવાર બહાર પાડતી રહેશે. એટલે કે રોજગારની બાંહેધરી અધિકાર સમગ્ર ગ્રામીણ ભારતમાં સાર્વત્રિક રીતે લાગુ નહિ પડે! આ બાંહેધરી મળશે કે કેમ એની કોઈ ખાતરી નથી.

બે, મનરેગા પાછળ થતાં ખર્ચમાં વળતરની ચુકવણીનો ૧૦૦ ટકા અને સામગ્રી પાછળ ૭૫ ટકા ખર્ચ કેન્દ્ર સરકારની જવાબદારી હતી. એટલે લગભગ ૯૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર કરતી હતી. નવી યોજનામાં આ ગુણોત્તર ૬૦:૪૦ નો રખાયો છે. આ મુદ્દો જરા પેચીદો છે, કારણકે, ગરીબ પ્રદેશોની સરકાર પાસે આવક પણ ઓછી હોવાની, એમાં એમણે જો ૪૦ ટકા જેટલો ખર્ચ ભોગવવાનો આવે તો અમલમાં ધાંધિયા થવાની શક્યતા ખરી.

જી.એસ.ટી. પછીના સમયમાં રાજ્ય સરકાર પાસે જ્યારે આવકનાં મર્યાદિત સાધનો બચ્યાં છે તેવા સંજોગોમાં રોજગારના દિવસો વધારી એનું નાણાંકીય ભારણ રાજ્ય સરકાર પર વધે તો યોજનાનો અમલ કેટલો અસરકારક રીતે થશે એ સવાલ તો થાય. વળી, જ્યાં વિરોધ પક્ષની સરકાર છે એવાં રાજ્યો પ્રત્યે કેન્દ્ર સરકારનું ઓરમાયું વર્તન છૂપું નથી. પ.બંગાળમાં લગભગ ત્રણ વર્ષથી મનરેગાનું ફંડિંગ બંધ હતું, જે નાણાં છૂટા કરવાનો આદેશ તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે આપ્યો છે. કેન્દ્ર-સરકારની મડાગાંઠમાં રોજગાર માંગનાર વ્યક્તિ જ અટવાઈ જાય.

ત્રણ, નવા ખરડામાં ૧૨૫ દિવસની ખાતરી અપાઈ છે જે વાવણી-લણણી ની ઋતુના બે મહિના દરમ્યાન લાગુ નહિ થાય.

ચાર, કેવા પ્રકારનું રોજગાર આ યોજના થકી આપી શકાય એ માટે ચાર શ્રેણી વ્યાખ્યાયિત કરવામાં આવી છે - જળ સુરક્ષા, મુખ્ય ગ્રામીણ માળખાગત સુવિધાઓ, આજીવિકાનું માળખું અને આપત્તિ નિવારણ અને આબોહવાની સ્થિતિસ્થાપકતા. આ સિવાયની શ્રેણીમાં કામ ઊભું કરવાની લવચિકતા રાજ્ય સરકાર પાસે રહેશે કે નહીં, એ અંગે સ્પષ્ટતા નથી.

સરકારે રોજગારના દિવસો વધારવાની વાત તો કરી, પણ પાછલાં પાંચ વર્ષમાં કાયદાનો ટેકો હોવા છતાં સરેરાશ માત્ર પંચાવન દિવસ જ કામ અપાયું છે. જો કોઈ સુધારાની જરૂર હતી તો એવું માળખું ઊભું કરવાની કે જેથી લોકોને ૧૦૦ કે હવે ૧૨૫ દિવસનાં રોજગારની બાંહેધરીની બાંહેધરી આપવાની. વેતનના દર બજારના ભાવ પ્રમાણે સુધારવાની અને લોકોને સમયસર વેતન મળી રહે એ જોવાની.

મધ્યમ વર્ગનાં નાગરિકને મનરેગા જેવા કાયદામાં થયેલા ફેરફારથી ફરક ના પડે. પણ અહીં એ યાદ રાખવું જરૂરી છે કે દેશના સાડા છ કરોડ કરતાં પણ વધુ લોકો આ યોજના પર આધાર રાખે છે. ગુલાબને કોઈ અન્ય નામ આપો તો ફરક નથી પડતો પણ ગુલાબમાંથી એની સુગંધ જ કાઢી નાખીએ તો? મનરેગા સાથે એવું જ કાંઇક થવા જઈ રહ્યું છે.

# લગ્ન એ વ્યક્તિ સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર છે. એની આવી ચર્ચા શરમજનક છે

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

"આપણને આપણાં જ સંતાનો ,પુખ્ત ઉંમરનાં સંતાનો પ્રેમ કરે, પ્રેમલગ્ન કરે તે સામે ભરપૂર વાંધો છે પણ જાહેરમાં કોઈ કોઈનું ગળું કાપી નાખે, એસીડ ફેંકે, રખડતાં ઢોર હુમલો કરી દે તે સામે બિલકુલ વાંધો નથી. જેમ સિગારેટના બોક્સ પર લખ્યું હોય છે કે સિગારેટ પીવી તબિયત માટે હાનિકારક છે તેમ ઘણાં જ્ઞાતિમંડળો, સમાજ આગેવાનો પોતાનાં સભ્ય પરિવારોમાં લેખિત સૂચન આપવા તલપાપડ છે કે "પ્રેમ કરવો હાનિકારક છે"- એક સજ્જન આવેગપૂર્વક પોતાનો મત આપી રહ્યા હતા કારણકે તેમણે સાંભળ્યું કે હવે એવો કાયદો થવાનો છે કે યુવક યુવતી સ્વેચ્છાએ લગ્ન કરે, પ્રેમલગ્ન કરે ત્યારે લગ્ન રજીસ્ટ્રેશનમાં માતા-પિતાની સહી ફરજીયાત હોવી જોઈશે. પ્રેમલગ્નમાં માતા-પિતાની સંમતિ ફરજીયાત કરવાની વાતો વહેતી થઇ છે. જો કે માતા-પિતા સંમત જ હોય અને સંમતિ આપતાં જ હોય તો યુવક યુવતી માત્ર રજીસ્ટર મેરેજ શું કામ કરે? એ પ્રશ્ન તો છે જ પણ વાત વહે તો વિવાદ થાય.

તાજેતરમાં ગુજરાતનાં જાણીતાં ગાયિકાએ સ્વ પસંદગીના યુવક સાથે લગ્ન કરવાનું નકકી કર્યું તો એનો તેમની જ્ઞાતિમાં વિરોધ અને વિવાદ થયો. આ અગાઉ સોનાક્ષી સિંહાએ અન્ય ધર્મમાં લગ્ન કર્યાં તેનો સોશ્યલ મીડિયામાં ભારે વિવાદ થયો હતો,એટલું જ નહીં આપણી ચેનલો અને જવાબદાર વર્તમાનપત્રોએ એ સમાચાર ખૂબ ચગાવ્યા. એક રીતે નવરા-નફરતબાજોને ભરપૂર પબ્લીસીટી મળી. આ તો સારું છે કે મોટાં માથાં હતાં એટલે માત્ર સોશ્યલ મીડિયાના વિવાદથી વાત પતી પણ સામાન્ય છોકરા છોકરીએ આવાં પ્રેમલગ્ન કર્યાં હોત તો? માથાં કાપવા મા-બાપ જ મેદાને પડ્યા હોત! આપણે આ સમાચારોથી ડરવા જેવું છે. આપણાં સંતાનો માટે આપણે કેવા ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છીએ? જેમ નફરતબાજો આગળ આવે છે એમ માનવતાવાદીઓ અને લોકશાહીમાં માનનારાએ આગળ આવવું પડશે. વાર તહેવારે લગ્ન, ભોજન, પહેરવેશ,પૂજા જેવી વ્યક્તિગત બાબતોમાં બની બેઠેલાં ન્યાયાધીશો ડંડા પછાડવા આવી જાય છે. ઘણી વાર તો આપણા ચુંટાયેલા નેતાઓ બંધારણને બાજુએ મૂકીને સામાજિક રૂઢિઓ માટે આગ્રહ કરવા લાગે છે. એમાં પણ સત્તા પક્ષ અને વિપક્ષનાં લોકો એકસરખી વાત કરે તો પ્રજાએ સાવચેત થવું જરૂરી જેમ કે થોડા સમય પહેલાં પણ ગુજરાતમાં આ મુદ્દો ચાલ્યો હતો. નેતાઓ બોલ્યા હતા કે "-અમે સરકારને રજૂઆત કરીશું કે પ્રેમલગ્નમાં રજીસ્ટ્રેશન સમયે માતા-પિતાની સહી ફરજીયાત કરાવે" અને હવે સત્તા પક્ષના પણ એક વરિષ્ઠ નેતા આવું જ બોલ્યા છે. માટે મુદ્દો વિચારવો રહ્યો.

ભારત એક તરફ વિશ્વની પાંચ મોટી આર્થિક વ્યવસ્થામાં સામેલ છે. આપણી રાષ્ટ્રીય આવક વધી રહી છે ત્યારે જ જાણે આપણી રાષ્ટ્રીય સમજણને લૂણો લાગી રહ્યો છે. આપણે પરમ્પરા અને સામાજિક બંધનોમાંથી ઝડપથી ફેરફાર કરી શકતાં નથી. જૂની કબીલાપ્રથા જીવાડવા આપણે મથી રહ્યાં છીએ. આજે પણ આપણે સ્ત્રીને વસ્તુ અને તુચ્છ ગણીએ છીએ. આપણો સ્ત્રીઓ તરફનો જ્ઞાતિઓ માટેનો ધર્મ સમ્પ્રદાય માટેનો ભેદ ઓછો નથી થતો. એ તો વધતો જાય છે.

આમ તો ઓગસ્ટ મહિનો ક્રાંતિનો મહિનો છે. સ્વતન્ત્રતા સંગ્રામનો મહિનો છે. વડા પ્રધાનશ્રીએ સંસદનાં પગથિયાં પર વંદન કરીને જાહેર કર્યું હતું કે ભારત બંધારણ જ આપણો ધર્મગ્રન્થ છે અને આ બંધારણના આમુખમાં જ સ્વતન્ત્રતા, સમાનતા અને બંધુત્વ માટે આપણે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે અને અહીં સ્વતન્ત્રતા એટલે નિર્ણયની સ્વતન્ત્રતા! જ્યારે ભારતનું બંધારણ પ્રત્યેક નાગરિકને વ્યક્તિ સ્વાતંત્ર્ય આપે છે ત્યારે તેને વ્યવસાય પસંદગીની સ્વતન્ત્રતા,ધર્મ પૂજાની સ્વતંત્રતા, અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે જીવનસાથીની પસંદગી કરવાની સ્વતન્ત્રતા પણ આપે છે અને તે માત્ર પુરુષોને સ્વતંત્રતા નથી આપતી, સ્ત્રીઓને પણ આપે છે.

ખલીલ જિબ્રાને માતા-પિતાને ઉદ્દેશી લખ્યું છે કે -"બાળકો તમારા દ્વારા આવ્યાં છે. તમારા માટે નથી આવ્યાં."માતા પિતા આજના સમયમાં પણ સંતાનોને પોતાની પ્રોપર્ટી ગણે છે. તે માનસિકતામાંથી આપણે બહાર નીકળવાનું છે. એમનાં લગ્ન એ ખરીદ-વેચાણ વ્યવસ્થા નથી કે તમારી સંમતિ જોઈએ અને વિરોધાભાસ તો જુવો, એક તરફ આપણે સમાન નાગરિક-ધારો લાવવો છે. બીજી તરફ આપણાં જ સંતાનોને આપણી ગુલામ માનસિકતામાં કેદ કરવાં છે. વળી આવી માંગ સમાજના બધા જ્ઞાતિ-સમૂહ તો કરતા નથી. કેટલાક તો વળી આવો નિયમ માત્ર છોકરીના પક્ષે જ ઈચ્છે છે. યાદ રહે કે દેશનો કાયદો એક બે જ્ઞાતિ સમુદાયની ઈચ્છાથી ઘડાય નહીં અને લગ્નના રજીસ્ટ્રેશનમાં માતા-પિતાની સહી ફરજીયાત હોય તો છૂટાછેડાના કેસમાં પણ ફરજીયાત કરવી જોઈએ. સૌથી અગત્યનું તો એ છે કે માતા-પિતાએ સુખી અને પ્રસન્ન દામ્પત્યની ગેરંટીમાં પણ સહી કરવી જોઈએ.

જો આપણે પરિપક્વ સમાજ તરફ આગળ વધવું હોય તો એ વિચારવું પડે કે છોકરો છોકરી પસંદગીનાં લગ્ન કરવા માગે ત્યારે તેમણે ઘર કેમ છોડવું પડે? એમણે ભાગી જઈને લગ્ન કર્યા. આ વાક્ય જ સભ્ય સમાજમાં શોભા નથી દેતું? આપણાં જ બાળકોએ આપણાથી જ ભાગવાનું? પ્રેમલગ્ન સફળ થતાં નથી. આ બધા આવેગમાં લીધેલા નિર્ણય હોય છે. છોકરીઓ ઝડપથી ફસાઈ જાય છે.આવાં બધાં વિધાનો ઉપરછલ્લાં છે. બીજું, આ વિધાનો સાચાં હોય તો પણ લગ્નમાં ફરજીયાત સંમતિ માટે યોગ્ય તર્ક આપતાં નથી. ખરી વાત તો એ છે કે જો છોકરો છોકરી લગ્નનું રજીસ્ટ્રેશન કરે છે તો છોકરાની પણ જવાબદારી નકકી થાય છે. તે દગો કરે તો કાયદેસર પગલાં લઈ શકાય છે.લગ્નની લાલચ આપી છેતરનારા રજીસ્ટ્રેશનનું નામ પડતાં ભાગી જાય. જો છોકરો કાયદેસર લગ્ન કરે છે તો તે છેતરતો નથી તેવું સાબિત થાય. આવા ફરજીયાત સહીનાં તુત લાવશો તો ખરેખર બદમાશોને ફાયદો થશે- 'હું તો લગ્ન કરવા તૈયાર છું, તારાં મા બાપ માનતાં નથી'નાં બહાનાં કાઢી શકશો. છોકરીઓનું વધુ શોષણ થશે.

આવો કોઈ તુક્કો કાયદો બને એવું માંગતા હોય તેમને કેટલાક મુદ્દા પહેલેથી વિચારવા જેવા છે જેમકે

એક, આમાં બન્ને પક્ષની સહી ફરજીયાત કે માત્ર છોકરી વાળાની?

બે, ધારો કે છોકરી બાજુએ મા રાજી હોય અને બાપ ના પાડતા હોય તો? સહી બન્નેની કે એકની જ?

ત્રણ, આ કાયદો યુવાવસ્થામાં લગ્ન કરવા માગે છે તેમને જ લાગુ પડે કે મોટી ઉંમરનાં બે વ્યક્તિ સ્વ-પસંદગી કરે ત્યારે પણ લાગુ પડે?

ચાર, થોડાં વર્ષો પછી એવું પણ બને કે છોકરો છોકરી કોર્ટમાં કેસ કરે કે "અમે બન્ને રાજીખુશીથી લગ્ન કરવા માગીએ છીએ. અમારાં માતા-પિતા અમને અમારા મૂળભૂત અધિકાર ભોગવવા દેતા નથી તો તેમને સહી કરવા ફરજ પાડવામાં આવે!" જેથી અમે મારા મૌલિક અધિકારો ભોગવી શકીએ.

અરે હા, પુખ્ત ઉંમરના યુવક-યુવતી પોતાની પસંદગીથી જીવનસાથી પસંદ કરી શકે તે બંધારણે આપેલો મૌલિક અધિકાર છે. રાજ્ય સરકાર આ અધિકાર વિરુદ્ધનો કાયદો ઘડી શકે કે કેમ તે પ્રશ્ન છે અને પ્રશ્ન તો એ પણ છે કે ગુજરાતમાં નહીં તો રાજસ્થાન સહી..

છોકરા છોકરી ભાગ્યાં જ છે તો આબુ જતાં આવીએ એવું વિચારે તો એનું શું કરવાનું?

કોઈ રાજકવિ પોતાની કવિતા બદલી નાખે એ ઝડપે દેશમાં બંધારણે આપેલા મૂળભૂત અધિકારો બદલી શકાતા નથી તે યાદ રાખવું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## કાર્તિકેય ભટ્ટનો પ્રશંસનીય લેખ

'ગુજરાતમિત્ર'માં કાર્તિકેય ભટ્ટનો ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ વિશે પ્રગટ થયેલો લેખ પ્રશંસાપાત્ર જ નહીં પરંતુ વિચારણીય પણ છે.શિક્ષણધામોમાં હવે જ્ઞાન સંપાદન જિજ્ઞાસા કેળવાતી જ નથી. કોઇ પણ હિસાબે પરીક્ષામાં સફળ થવાની વિવિધ તરકીબો અજમાવાય છે. ગુજરાત શિક્ષણમાં બે મુદ્દાઓ ખૂબ ગંભીર છે. ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ અને કોલેજોએ પગારપત્રક સરકારને મોકલવાની સાથે શિક્ષક અધ્યાપક ટયુશન ન કરતા હોવાનું પ્રમાણપત્ર દર માસે મોકલવાનું હોય છે. શાળામાં ગણિત- વિજ્ઞાન વિષયોમાં તેમજ કોલેજોમાં અંગ્રેજી એકાઉન્ટન્સી વ. વિષયોમાં મોટા પાયે ટયુશન વ્યવસાય ચાલે છે. ટયુશન રાખેલ વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ અલગ મુદ્દો છે. શાળા કોલેજોની સરકાર સાથે એક પ્રકારની છેતરપિંડી કહેવાય. સરકાર આ હકીકત જાણે છે છતાં તે રોકવા સરકાર નિષ્ક્રિય રહી છે. બીજો મુદ્દો કોલેજો, ખાસ કરી બી.એડ. તેમ જ લો કોલેજોમાં એક પણ દિવસ હાજર રહ્યા વગર સત્ર મંજૂર થાય છે. વિદ્યાર્થી પરીક્ષા આપે છે અને સફળતાથી ડિગ્રી મેળવી નોકરી-ધંધે લાગે છે. આને શું કહીશું? આવી કોલેજો ખુલ્લી રીતે શિક્ષણનો વેપાર કરતી હાટડીઓ છે તેનાથી વિદ્યાર્થીને અને કોલેજને ફાયદો થતો હશે પરંતુ સમાજને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે.

પાલનપુર - અશ્વિનકુમાર ન. કારિયા

## એ અધૂરું સ્વપ્નું

વલસાડ છોડયાને તો વર્ષો થઇ ગયાં! લગભગ પાંસઠ વર્ષ પૂર્વેના કિશોરાવસ્થા અને યુવાવસ્થાના એ દિવસો કયારેક નજર સમક્ષ તરવરે છે અને નગરની લગભગ વચ્ચે આવેલા મલાવ તળાવના કિનારા પરનું એ ભીડભંજન મહાદેવનું મંદિર તેના ભીડભંજક મહાદેવ અને રુદ્રાવતાર હનુમાનજીનાં ચરણોમાં મન આપોઆપ નમી પડે છે. ત્યારે વસ્તીની આટલી ગીચતા ન હતી. મલાલ તળાવને કિનારે આવેલા એ મંદિરમાં પ્રવેશતાં પહેલાં તળાવના શીતળ જળમાં પગ ધોવાના, આચમન કરવાનું! સાંજનો એ સમય! કયાંક વાગતો મંદિરનો ઘંટારવ ને તળાવમાં શોભતાં કમળ પુષ્પો, આસપાસ ઊડાઊડ કરતાં પંખીઓ! એ બધું કેવું અદ્દભુત લાગતું! તો વળી તળાવની પાળ પર કયારેક કથાશ્રવણનો લાભ પણ મળી જતો! પરિણામે એક સ્વપ્નું જોયું હતું મારી આંખોએ એ મલાવ તળાવ જરા વધુ પહોળું બને. જરા ઊંડું થાય. તેની ગોળાકાર પાળ જરા પહોળી બને અને રાત્રે ચારે તરફ રંગબેરંગી વિદ્યુત પ્રકાશ પથરાય તો કેવું રળિયામણું બને મલાવ તળાવ! વલસાડની જનતા માટે એક પ્રિય આકર્ષણ બને! નગરપાલિકા ટાવર ને જયોતિ મિનાર તો વલસાડનું આકર્ષણ હતાં જ ! જો મલાવ તલાવની માવજત થઈ હોત, તેનો વિકાસ થયો હોત, તેને રળિયામણું બનાવાયું હોત તો? પરંતુ? આજની વસ્તીની ગીચતા અને કોલાહલમાં એ સ્વપ્નું તો વેરવિખેર બની ગયું!

બારડોલી - બીપિન પટેલ

## સગવડીયો શ્વાનપ્રેમ અને સ્વચ્છતા

હું એક શ્વાનપ્રેમી વ્યક્તિ છું છેલ્લાં કેટલાંક સમયથી વર્તમાનપત્રોમાં રખડતાં કૂતરાંઓના ત્રાસના સમાચાર વાંચીને અત્યંત વ્યથિત થયો છું. 1954 થી 1966 દરમિયાન મારી સુરત શહેર સુધરાઈ ( હાલની SMC ) ની નોકરી વખતે મ્યુનિસિપાલિટીને રખડતાં કૂતરાંના ન્યૂસન્સ અંગે જ્યારે જ્યારે ફરિયાદ મળતી ત્યારે Strychnine નામનો ઝેરી પદાર્થ મંગાવવામાં આવતો હતો, આ વસ્તુને પેડાં જેવી મીઠાઈમાં ભેળવીને બેની નાની નાની ગોળી બનાવીને રાત્રિના સમયે જે તે વોર્ડમાંથી ફરિયાદ મળી હોય ત્યાં મૂડી દેવામાં આવતી અને બીજા દિવસે સવારે મૃત કૂતરાંના રાબોનો નિકાલ કરવામાં આવતો હતો. આ જાણીને સદર પધ્ધતિનો કેટલાંક લોકો વિરોધ કરશે તેની મને પૂરેપૂરી ખાતરી છે. ખસીકરણ, વસીકરણ અને શેલ્ટરહોમ વગેરે જેવી રૂપાળી અને રબિશ યોજનાઓ સરકાર બનાવે છે. અને તેના અમલિકરણમાં ભ્રષ્ટાચારની ભયંકર બૂ આવે છે તે સૌ કોઈ જાણે છે. વિદ્યાર્થીઓ પાછળ રસ્તે રખડતાં કૂતરાંના ત્રાસના અનેક કિસ્સાઓ સામાન્ય થઈ ગયા છે. સ્કુટર બાઈક પર સામાન્યે ઝડપે જતાં ચાલકો એકાએક રસ્તો ક્રોસ કરતાં કૂતરાંની ઝપટમાં આવી જાય છે. આવા નિર્દોષ ચાલકો વિના વાંકે અકસ્માતમાં સપડાય છે,

કેટલાંક શ્વાનપ્રેમીઓ શોખને ખાતર પોતાના ફલેટ / બંગલામાં કીમતી કૂતરો પાળે છે. અને તેનો પોતાના એ.સી. શયનખંડમાં પણ સુવડાવે છે. પણ તેની કુદરતી હાજત જેવી બાબતમાં કોઈ વ્યવસ્થા કરતા નથી. પ્રસ્તુત ત્રાસના ભાંગ બનેલા સૌ કોઈ પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. આ અંગે સરકારશ્રીને તાકિદે નક્કર પગલાં ભરવાની વિનંતી કરું છું.

સુરત- જ્યાં જ્યાં નજર મારી ઠરે

## ઉમંગમાં જોડાશો તો ઉમંગમાં રહેશો

આ શીર્ષક વાંચતાં આનો અર્થ નહિ પણ સમજાય કે શું કહેવા માંગે છે. આ ઉમંગ એ સુરત શહેરમાં અખિલ હિંદ પરિષદની એક શાખા છે. જેમાં 50 થી ઉપરનાં મહિલાઓ લગભગ 250 જેટલી છે. જેમાં નિત નવા નવા પ્રોગ્રામ આપીને વયસ્ક મહિલાઓને આનંદ આપે છે. મોટી ઉંમરે રહી ગયેલાં પોતાનાં સપનાંઓને સાકાર કરવાનું પ્લેટફોર્મ એટલે ઉમંગ ગૃપ. હાલમાં જ 80થી ઉપરની મહિલાઓ પાસે ફેશન શૉમાં રેમ્પવોક કરવામાં આવ્યું. એ જોતાં એટલો આનંદ થયો કે શોખ પૂરા કરવા માટે ઉંમર મહત્ત્વની નથી હોતી. પણ સાથ સહકારની જરૂર છે. જે આ ગૃપનાં સંચાલકો વ્યસ્ક મહિલાઓને પૂરું પાડે છે! ડાન્સ ગરબા સંગીત (ગાયન) વિ. અનેક અવનવા પ્રોગ્રામ રજૂ કરી મહિલાઓને આનંદ આપે છે. આજકાલ ઘણાં ઘરમાં વૃધ્ધ મહિલાઓ ડિપ્રેશનમાં હોય છે. તેઓએ ઘરની બહાર નીકળી આવા ગૃપમાં જોડાઈને દુઃખને હાથતાળી આપી દેવી જોઈએ. સુરત ખાતે આવાં કેટલાંય ગૃપ હશે પણ આ ગૃપ માટે મારા પોતાના વિચારો રજૂ કર્યા છે અને સૌએ દિલથી આભાર સૌ સંચાલકોનો માનવો જ રહ્યો.

સુરત - કલ્પના વૈદ્ય

## માણસ કેટકેટલું ભેગું કરે છે

પ્રવાસ દરમિયાન સુવેનિયર લઈ આવે, ફર્નીચર વસાવે, ચિત્રો ટીંગાડે, ગેજેટસ લઈ આવે, કેટલું બધું ભેગું કરે. બધું અહીં છોડીને એ જતો રહે છે. છતાં એ ભેગું કર્યા જ કરે છે. પૈસા, પ્રસિદ્ધિ, પ્રેમ-સંબંધો અને સાધનો બધું એકઠું કરે છે અને એક ઘડી બધું છોડી એ નીકળી પડે છે ત્યારે બસ એને આપેલો ને પામેલો માત્ર પ્રેમ જ રહી જવાનો છે. આ શબ્દો આપણે બધાને ઘણું બધું કહી જાય છે. જીવન બાબતે સૌને કંઈક શીખવી પણ જાય છે. વધુમાં શાયરી કરતાં ઉમેરે છે.

'બદી કા અંત હે
કહી આસપાસ
નેકી કા કોઇ અંત નહીં.
કિતાબ નેકી કી પઢલે બંદે
ઉસ સે બડા કોઇ ગ્રંથ નહીં.

ધરમજીના ધર્મેન્દ્રજીના સાચે જ જીવન બાબતે આટલા શબ્દો આપણે સૌને સમજાય તોયે ઘણું.

નવસારી - ગુણવંત જોષી

## કુબેર ભંડારી ભક્તોના ભંડાર ભરપૂર રાખે છે

શહેરમાં જૂના અંબાજી મંદિરથી તદ્દન નજીક આવેલા જાણીતા કુબેર ભંડારી મંદિરનો મહિમા અપરંપાર છે. દિનપ્રતિદિન જૂની પેઢીની સાથે નવી પેઢીનાં નવયુવાનોમાં એની બોલબાલા વધતી જાય છે. દૂર દૂર સુધી રહેવા માટે જતા રહેલાં ભક્તો આ મંદિરના દર્શને અવશ્ય આવે છે. દર્શનમાત્રથી તેઓ વન્ય થાય છે. આ મહિનાની માગશર વદ અમાસની દર્શ અમાસનું મહત્ત્વ બહુ વિશેષ છે. રોજે રોજના નિયમનો ખરા જ પરંતુ દર માસની અમાસના દિવસે અહીં ભક્તોની બહુ ભારે ભીડ જોવા મળે છે. વહેલી સવારથી સાંજ સુધી ભક્તોની અવરજવર ચાલુ રહે છે.

ભક્તો આ મંદિરે આવીને શિવલિંગની ભાવપૂર્વક વિધિવત્ પૂજા અર્ચના કરે છે. શિવશંકરના આ મંદિરમાં શિવલિંગ પર બિલીપત્ર, દૂધ, દહીં, કાળા તલ, કમળકાકડી, સાકર, તરોપા સાથે મહાદેવ દાદાને બરફથી ઠંડા કરીને ભેટ ચઢાવીને બે હાથ જોડીને નમન કરે છે. શ્રદ્ધાપૂર્વક આટલી વિધિ કરી ભક્તો રાજી રાજી થાય છે. ગદ્દદ્ થઈને વિદાય લે છે. અસ્સલ સુરતીઓ સાથે અહીં રહેતાં સોની સમાજનાં ભક્તો કુબેર ભંડારી મંદિર પ્રતિ બેહદ શ્રદ્ધા ધરાવે છે. તન - મન-ધનથી ભક્તો સંપૂર્ણ સહયોગ આપે છે. બદલામાં કુબેર ભંડારી સદા માટે ભક્તોના ભંડારો ભરપૂર રાખે છે.

સુરત -જગદીશ પાનવાલા